ગાંધીનગર સમાચાર

સંત સરોવરમાં મોડીરાત્રે પાણીની આવક

# આજે ગાંધીનગરમાં કોંગ્રેસ દ્વારા જન આક્રોશ મહારેલી

**વિવિધ જિલ્લાઓમાંથી હજારોની સંખ્યામાં કોંગી કાર્યકરો આગેવાનો રેલીમાં જોડાય તેવી શકયતા : પોલીસનો ચાંપતો બંદોબસ્ત તૈનાત : માત્ર સભાની મંજુરી અપાઈ : ઘર્ષણ થવાની શકયતા**

ગાંધીનગર, તા.૨૨

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ દ્વારા આવતી કાલે મંગળવારે ગાંધીનગર ખાતે પ્રજાની વેદનાને વાચા આપવા જન આક્રોશ મહારેલીનું આયોજન કર્યું છે. જેમાં વિવિધ જિલ્લાઓમાંથી હજારોની સંખ્યામાં કોંગી કાર્યકરો આગેવાનો જોડાય તેવી શકયતાને પગલે પોલીસ ઉપરાંત આઈ.બી. પણ સતર્ક થઈ ગઈ છે. ભાજપ સરકાર સામે વિરોધ પ્રદર્શન કરવા યોજાનાર આ મહારેલીની મંજુરી આપવામાં આવી નથી માત્ર સભાની મંજુરી જ અપાઈ છે. જેને પગલે પોલીસ સાથે ઘર્ષણ થાય તેવી શકયતાઓ પ્રબળ બની છે. રેલી સંદર્ભે શહેરના સે-૬ ઉપરાંત મુખ્ય પ્રવેશદ્વારો અને સર્કલો પર ચાંપદો બંદોબસ્ત તૈનાત કરવામાં આવ્યો છે.

કયાં સુધી સહન કરીશું ભાજપનો ભય, ભૂખ અને ભ્રષ્ટાચાર...? આ એક નવા સ્લોગન સાથે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ દ્વારા ગાંધીનગરમાં જન આક્રોશ મહારેલીનું આયોજન કરવામાં આવ્યું છે. આવતીકાલે મંગળવારે વિવિધ જિલ્લાઓમાંથી હજારોની સંખ્યામાં કોંગ્રેસના કાર્યકરો-આગેવાનો ગાંધીનગર ખાતે જન આક્રોશ રેલીમાં જોડાશે તેવા ઈનપુટ છે. પાટીદારો પર દમન, દલીતો પર અત્યાચાર, બેરોજગારી, મોંઘવારી અને મોંઘુ શિક્ષણ સહિતના મુદ્દાઓને ધ્યાને રાખીને મહારેલીનું આયોજન કરાયું છે. જો કે રેલીની મંજુરી તંત્ર દ્વારા આપવામાં ન આવી હોવાથી આવતી કાલે ઘર્ષણ થવાની શકયતાઓ પ્રબળ બની છે. કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે એસ.પી. વિરેન્દ્રસિંહ યાદવના સુપરવિઝન હેઠળ ૪ ડીવાયએસપી, ૧૦ પીઆઈ, ૩૫ પીએસઆઈ, ૩૫૦ પોલીસ, ૩૫ ટ્રાફીક પોલીસ, ૪૦ મહિલા પોલીસ અને બે કંપની એસઆરપી બંદોબસ્ત માટે તૈનાત રહેશે. શહેરના પ્રવેશદ્વારો તથા વિવિધ સર્કલો પર પણ પોલીસની વોચ અને ચેકીંગ રહેશે. વિધાનસભા સત્ર ચાલુ હોવાથી કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ પર તંત્રની ખાસ નજર રહેશે.

# વિધાનસભાના ટૂંકા સત્રનો આરંભ



**વિધાનસભાના અધ્યક્ષ પદે રમણલાલ વોરાની સર્વાનુમતે વરણી તથા ઉપાધ્યક્ષ પદે શંભુજી ઠાકોરની બહુમતિએ વરણી : આજે જીએસટી બિલ રજુ થશે : પ્રથમ દિવસે પ્રમુખ સ્વામી મહારાજને ભાવાંજલિ**

ગાંધીનગર, તા.૨૨

ગુજરાત વિધાનસભાનું બે દિવસીય ચોમાસુ સત્ર આજે શરૂ થયું હતું. ચોમાસુ સત્રના પ્રથમ દિવસે પ્રમુખ સ્વામી મહારાજને શ્રદ્ધાંજલિ આપતો શોકપ્રસ્તાવ રજુ થયો હતો. ત્યારબાદ સત્રને મુલત્વી રાખવામાં આવ્યું હતું. બીજી બાજુ વિધાનસભાના નવા અધ્યક્ષ તરીકે રમણલાલ વોરાએ ચાર્જ સંભાળી લીધો હતો. ચાર્જ સંભાળતા પહેલા વોરાએ ગાંધીંનગરમાં બાબા સાહેબ આંબેડકરની પ્રતિમાને અંજલી અર્પણ કરી હતી. નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ સહિતના આગેવાનોની હાજરીમાં રમણલાલ વોરાએ શનિવારે વિધાનસભાના સચિવને પત્ર સુપરત કર્યો હતો. હવે વિધાનસભા સત્રના બીજા દિવસે એટલે કે આવતીકાલે જીએસટી બિલ સર્વસંમતિથી પસાર કરવામાં આવે તેવી શકયતા છે. વિવિધ સુધારા વિધેયક પણ આવતીકાલે રજુ થશે. દલિત અત્યાચાર કાંડ, પાટીદાર

● અનુસંધાન પાન-૭ પર

# દાંડી કુટીરને જોડતા કેબલ સ્ટેડબ્રિજનુ કામ સપ્ટેમ્બરમાં પુર્ણ થઈ જશો

**નમુનારૂપ બ્રિજના કામ માટે ચાઇનાથી નિષ્ણાંતોની ટીમ આવી હતી. ખ-૪ થી ખ-૫ વચ્ચેનો માર્ગ પણ ખુલ્લો થશે**

ગાંધીનગર તા ૨૨

મહાત્મા મંદિરથી દાંડી કુટીરને જોડતા કેબલ સ્ટેડ બ્રીજનુ કામ આગામી સપ્ટેમ્બર મહીનામાં પુર્ણ થઈ જશે. બ્રિજ નિર્માણની કામગીરી પાછળ અંદાજિત રૂ ૩૬ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે. આગામી દિવાળી પુર્વે બ્રિજનુ લોકાર્પણ કરી દેવાશે. આ બ્રિજના કામ માટે ચાઈનાથી નિષ્ણાંતોની ટીમ ગાંધીનગર આવી હતી. હાલ આ બ્રિજને આખરી ટચ આપવાનુ કામ ચાલી રહયુ છે. સમગ્ર ગુજરાતમાં અધ્યતન કેબલ ટેકનોલોજી ધરાવતો આ પ્રથમ બ્રિજ નિર્માણ કરાયો છે.

મહાત્મા મંદિરના પ્રોજેકટનુ કામ સમગ્ર દેશમાં નમુનારૂપ હોવાનુ સ્પષ્ટ થયુ છે. જયારે નગરની આગવી ઓળખ સમા આ પ્રોજેકટ અન્વયે ભવ્ય દાંડી કુટીર તેમજ સોલ્ટ માઉન્ટ સહીતના અનેક આકર્ષણો ઉભા કરાયા છે. વાઈબ્રન્ટ સમિટની ઉજવણી પણ મહાત્મા મંદિરમાં થતી હોવાથી દેશ વિદેશના મહાનુભાવો પણ આ પ્રોજેકટ નિહાળી પ્રભાવિત થયા છે. ત્યારે

● અનુસંધાન પાન-૭ પર

# સંત સરોવરમાં મોડીરાત્રે પાણીની આવક

**ધરોઈમાંથી સવારે છોડાયેલુ પાણી સંત સરોવર પહોંચતા ૧૫ કલાક જેટલો સમય લાગ્યો : આ પાણી છોડાતાં નદી રિચાર્જ થઈ**

ગાંધીનગર, તા. ૨૨

રાજસ્થાનમાં થયેલા ભારે વરસાદને પગલે સાબરમતી નદી પર બાંધવામાં આવેલ ધરોઈ ડેમમાં પાણીની આવક થતાં આજે સાત દરવાજા ખોલી ૫૪ હજાર ક્યુસેક પાણીનો પ્રવાહ છોડવામાં આવતાં સાબરમતી નદી બે કાંઠે થઈ ગઈ હતી. ગાંધીનગર સંત સરોવરમાં મોડી રાત્રે ૧૦ વાગ્યા પછી પાણીની આવક શરૂ થઈ હતી. ધરોઈ ડેમમાં આજે પાણીની આવક થતાં ડેમના દરવાજા ખોલવામાં આવ્યા હતા અને ચોમાસામાં આજે પહેલીવાર સાબરમતી નદી બે કાંઠે વહેતી જોવા મળી હતી. જો કે ગાંધીનગર સુધી પાણી પહોંચવામાં ૧૫ કલાક જેટલો સમય લાગ્યો હતો. મળતી વિગતો પ્રમાણે સાંજે ૭ વાગે નદીનો પ્રવાહ આજ નદી પર બાંધવામાં આવેલ લાકરોડા વિયર પર પહોંચ્યો હતો.

સાબરમતી નદીમાં પાણી છોડવાની જાણ જિલ્લાતંત્રને કરવામાં આવતાં જ તંત્ર હરકતમાં આવી ગયુ હતુ. માણસા, કલોલ અને ગાંધીનગર તાલુકાના ૪૦ જેટલા ગામોમાં નદીમાં ન જવાની સૂચના આપતા માઈકો ફેરવવામાં આવ્યા હતા.

જિલ્લાતંત્રના અધિકારીઓએ તમામ તલાટીઓને ફરજના સ્થળે જ હાજર રહેવા તેમજ સર્કલ ઓફિસરોની ટીમ બનાવી તલાટીઓ સાથે સંપર્કમાં રહી સતત પરિસ્થિતિનું મોનીટરીંગ કરવા માટેની સૂચનાઓ આપવામાં આવી હતી.

ધરોઈ ડેમના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે સાંજે સાત વાગે ૨૪ હજાર ક્યુસેક પાણીની આવક હતી જ્યારે ૫૪ હજાર ક્યુસેક પાણી છોડવામાં આવી રહ્યું છે.

મળતી વિગતો પ્રમાણે ધરોઈમાં પાણીની આવકમાં વધારો થઈ શકે છે. જો કે ઉપરવાસમાં ભારે વરસાદની આગાહી હવામાન ખાતા દ્વારા કરવામાં આવી છે. ધરોઈમાંથી આજે છોડાયેલા પાણીનો પ્રવાહ સંત સરોવર ખાતે મોડી રાત્રે ૧૦ વાગ્યાની આસપાસ આવી પહોંચ્યો હતો.

# આજે શહેરમાં જીએસટી અંગે સેમિનાર

ગાંધીનગર તા ૨૨

વડનગરા નાગર મંડળ દ્વારા આજે સે-૧૫ સ્થિત એલ ડી આર પી કોલેજના હોલમાં સાંજે ૬ કલાકે જી એસ ટી સંદર્ભમાં એક સેમિનારનુ આયોજન કરવામાં આવ્યુ છે. જી એસ ટી અસ્તિત્વમાં આવવાથી ૧૫ થી વધુ કેન્દ્રીય તેમજ રાજય સ્તરના વેરાઓ નાબુદ થશે. જી એસ ટી નો મુળભુત હેતુ ટેકસ ઉપર લાગુ પડતા ટેકસ અર્થાત વધુ પડતા ટેકસને નાબુદ કરવાનો છે. ગુડસ એન્ડ સર્વિસીઝ ટેકસ અંગે આ સેમિનાર દરમિયાન મહત્વની અને રસપ્રદ માહીતી પુરી પાડવામાં આવશે.

ગુડસ એન્ડ સર્વિસીસ ટેકસ જી એસ ટી અંગે માહીતી પુરી પાડવા માટે તા ૨૩ ઓગષ્ટના રોજ એક સેમિનારનુ આયોજન કરવામાં

● અનુસંધાન પાન-૭ પર

# દાંડી કુટીરમાં ગાંધીજીના જીવન ચરિત્ર અંગેના પુસ્તકો પણ ઉપલબ્ધ

ગાંધીનગર તા ૨૨

મહાત્મા મંદિરના પ્રોજેકટ અન્વયે નિર્માણ કરાયેલા દાંડી કુટીરના પ્રદર્શનને નિહાળી મુલાકાતીઓ દંગ રહી જાય છે. દેશના વિવિધ રાજયો તેમજ વિદેશમાંથી મુલાકાતીઓ દાંડી કુટીરને નિહાળી પ્રભાવિત થાય છે. તાજેતરમાં જ વારાણસીથી આવેલી ટીમે દાંડી કુટીરની મુલાકાત લીધી હતી. હાલ દાંડી કુટીરમાં ગાંધીજીના

● અનુસંધાન પાન-૭ પર

જાહેર નિમંત્રણ

GST (ગુડ્સ એન્ડ સર્વિસીસ ટેક્સ)

કાયદાની વિસ્તૃત જાણકારી આપતો સેમિનાર

મુખ્ય મહેમાન

માન. શ્રી સૌરભભાઈ પટેલ

પૂર્વ નાણાં અને ઉદ્યોગ મંત્રીશ્રી, ગુજરાત સરકાર

વક્તા : શ્રી મોનીસ ભલ્લા (જાણીતા ઈનડાયરેક્ટ ટેક્સ સલાહકાર)
: શ્રી જોય એ. બક્ષી (જાણીતા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ)

તારીખ : ૨૩/૮/૨૦૧૬, મંગળવાર, સાંજે ૬-૦૦ કલાકે

સ્થળ : કડી સર્વ વિશ્વવિદ્યાલય હોલ, LDRP કોલેજ, સેક્ટર-૧૫, ખ-૫ પાસે, ગાંધીનગર

આયોજક

શ્રી વડનગરા નાગર મંડળ અને સહયોગી સંસ્થાઓ

જય બાબા રામદેવ..... ચાલો....ચાલો....ચાલો.... મોડાસા થી રણુજા.. જય બાબા રામદેવ.....

મોડાસા થી રણુંજા (૮૦૦ કિ.મી.) ની નિઃશુલ્ક પદયાત્રાનો ૩૨મા વર્ષમાં મંગલ પ્રવેશ

બ્રહ્મલીન મહંતશ્રી ૧૦૮ ચંદુનાથજી યોગી પ્રેરિત મોડાસા થી રામદેવરા (રણુજા, રાજસ્થાન)ની ૮૦૦ કિ.મી.ની ભવ્યપદયાત્રા મહંતશ્રી ધર્મેન્દ્રનાથજી યોગી તથા મહંતશ્રી જસવંતનાથજી યોગી શ્રી રામદેવ ભક્ત મંડળ સેવા સંઘ, મોડાસાના નેતૃત્વમાં તા.૨૫-૦૮-૨૦૧૬ (જન્માષ્ટમી)ને ગુરૂવારના રોજ સવારે ૯-૩૦ કલાકે ભવ્ય પદયાત્રા રણુજા જવા માટે હાંકલ કરશે. ત્યારે આ ભવ્ય નિશુલ્ક પદયાત્રામાં જિલ્લાની ધર્મપ્રેમી જનતાને જોડાવવા માટે જાહેર આમંત્રણ પાઠવવામાં આવે છે.



મહંતશ્રી ધર્મેન્દ્રનાથજી યોગી



બ્રહ્મલીન મહંત ૧૦૮ શ્રી ચંદુનાથજી યોગી મહારાજ



મહંતશ્રી જશવંતનાથજી યોગી


રથયાત્રા પ્રસ્થાન સ્થળ

શ્રી રામદેવ મંડળ સેવા સંઘ

૨૨, લક્ષ્મી સોસાયટી, બસસ્ટેન્ડ પાસે, , મોડાસા, જિ.અરવલ્લી
મો.૯૮૨૪૦ ૩૯૫૧૬, ૯૯૨૫૦૦૬૮૧૫

આ યાત્રામાં P.M.E.G.P પ્રાઈમ મિનીસ્ટર એમ્પ્લોયમેન્ટ, જનરેશન પ્રોગ્રામ નો પ્રચાર મોડાસા થી રામદેવરા સુધી K.V.I.C. ખાદી એન્ડ વિલેજ ઈન્ડ.કમિશન સ્ટેટ ઓફિસ અમદાવાદ દ્વારા કરવામાં આવશે.

હાર્દિક અભિનંદન



શ્રી પુનમભાઈ મકવાણા
સંસદીય સચિવશ્રી, (શ્રમ અને રોજગાર)

આપશ્રીની સંસદિય સચિવશ્રી તરીકેની નિમણૂંકને આવકારી અમો હર્ષની લાગણી અનુભવીએ છીએ તથા આપશ્રીને ખુબ ખુબ અભિનંદન પાઠવીએ છીએ...

અમીત પટેલ (અંબાપુર)
મનીષ દશરથભાઈ પટેલ (રાયસણ)
ઓશીયન પ્રિન્ટ પેક પ્રા.લી.

URGENT Requirement

Business Development Executive

Fluent English Require
Freshers also apply

M. 8347312213
M. 8490029211

## જાહેર ચેતવણી

અમો આથી જાહેર ચેતવણી આપીએ છીએ કે, અમારા પુત્ર તથા ભાણો મીથિલ (ઉર્ફે - ચિન્ટુ) ઉપેન્દ્રકુમાર મહંત (હાલ રહે. દોલારાણા વાસણા, તા. જી. ગાંધીનગર) તે અમારા કહ્યામાં નથી. તે તેને મન ફાવે તેમ વર્તન કરે છે. તેથી તેની સાથે અમારા નામે કે અમારી સ્થાવર અને જંગમ કે રોકડ મિલ્કત ઉપર કોઈ લેવડ-દેવડ કરવી નહી તેમજ ત્રાહિત વ્યક્તિ, સંસ્થા, કંપની કે બેન્ક કે અમારા નામે કે અમારી મિલ્કતના નામે લેવડ-દેવડ કરવી નહીં. છતાં પણ જો કોઈએ કોઈપણ જાતનો વ્યવહાર કરશે કે કરાવશે તો તે અંગેની સંપૂર્ણ જવાબદારી જે તે વ્યક્તિ, સંસ્થા, કંપની, બેંક, કોઈપણ ત્રાહિત વ્યક્તિ કે અન્ય કોઈ પણ વ્યવહાર કરનારની રહેશે. જે અંગેની અમો નીચે સહી કરનારની કોઈ જ જવાબદારી રહેશે નહીં.

સહી/-
આચાર્ય તરૂલત્તા રામેશ્વરદાસજી
મહંત રામેશ્વરદાસજી પ્રયાગદાસજી
મુ. દોલારાણા વાસણા, તા.જી. ગાંધીનગર



શ્રી ગાયત્રી વોચ કંપની ઉજવે છે... ૩૫ મી વર્ષગાંઠ તેની

નિમિત્તે કાંડા ઘડિયાળોની મહા એકસચેન્જ ઓફર

આપની કોઈપણ જુની કાંડા ઘડિયાળ લઈ આવો અને તેના બદલે મેળવો ગોલ્ડ પ્લેટેડ ૧ વર્ષની ગેરંટી સાથે નવી કાંડા ઘડિયાળ

દરેક ક્રેડિટ કાર્ડ સ્વીકાર્ય

સ્વીસ તેમજ જાપાનની કાંડા ઘડિયાળો સર્વસ કરી આપવામાં આવશે. ઓરીજનલ બટન સેલ તેમજ લેધર બેલ્ટ મળશે.

એ-૩, ડીસ્ટ્રીક્ટ શોપીંગ સેન્ટર, બેંક ઓફ મહારાષ્ટ્રની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
મો. ૯૮૨૪૧ ૫૯૪૭૪, ફોન. ૨૩૨૨૫૬૭૮
સમય : સવારે ૧૦ થી ૧.૩૦ બપોરે ૩.૩૦ થી ૯.૦૦ સોમવારે રજા રહેશે.

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com